જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૧/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૪૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૭૭ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૪૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૭૪૪/૧૪**

**ગોમતીપુર :** મનોજભાઇ દિલીપભાઇ મહાવર (રહે.સોમનાથ નાગરદાસની ચાલી, હરિભાઇ ગોદાણી દવાખાના સામે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૪ રાતનાં ૧૧/30 વાગ્યાના સુમારે આરોપીઓ (૧) સોનુ ઓમપ્રકાશ વૈશ્ય (૨) રાજારામ ઓમપ્રકાશ વૈશ્ય (૩) અમરસિહ ઉર્ફે કાલુ ખુશાલસિહ મહાવર (તમામ રહે,સોમનાથ નાગદાસની ચાલી હરિભાઇ હરિભાઇ ગોદાણી દવાખાના સામે ગોમતીપુર) ભેગામળી ગોમતીપુર, હિમાદ્રી મીલ કમ્પાઉંડ સામે, શૌચાલયના પગથીયા પાસે આવી મનોજભાઇ સાથે રહેતાં તેમનાં ભાઇ મુકેશભાઇ(ઉ.વ.૨૯)ને આરોપી રાજારામે "મારી બહેનને કેમ હેરાન કરે છે" તેમ કહી આરોપી સોનુએ બેઝબોલથી અને આરોપી અમરસિંહે ખાટલાની ઇસથી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. સારવાર અર્થે મુકેશભાઇને સિવીલ હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તા.૭/૧૧/૧૪ નાં કલાક ૨/30 વાગે મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૭૪૫/૧૪**

**માધવપુરા :** અંજનાબહેન મુકેશભાઇ નાડીયા (ઉ.વ.૧૬)(રહે.જુગલદાસની ચાલી, ઇદગાહ રોડ, પ્રેમદરવાજા, માધવપુરા) ને તા.૬/૧૧/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રવિ બાબુભાઇ નાડીયા (રહે.ગામ: લક્ષ્મીપુરા, તા.કડી જી.મહેસાણા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અંજનાબહેનની માતા શોભનાબહેન નાડીયાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ.કે.જોગલ ચલાવે છે.

**વટવા :** વૈશાલીબહેન ઉર્ફે ટીની ભાનુપ્રસાદ ખંડવી (રહે.પુષ્પમાલા પાર્ક સોસાયટી, પારસનગર, વટવા) ને તા.૨૫/૧૦/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સમીર (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ વૈશાલીબહેનના પિતા ભાનુપ્રસાદ ખંડવીએ તા.૬/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૭૪૬/૧૪**

**નારણપુરા :** જ્યોતિબહેન આત્મારામ કુલવાણી (રહે. નિલમ એપાર્ટમેન્ટ, સુર્યલોક ટાવરની પાછળ, સોરાબજી કમ્પાઉન્ડ, જુના વાડજ નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૧/૧૪ નાં કલાક ૨/૧૫ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં બેડરૂમનાં દરવાજામાંથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી (૧) સોનાની કેકાનની બુટ્ટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- (૨) બે રીલાયન્સ કંપનીના મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦/- (૩) કોમ્પ્યુટર ડેસ્કટોપ કિમત રૂપિયા ૫૦૦૦/- (૪) સેમસંગ કંપનીનો ગ્રાન્ડ ટુ નોડલનો મોબાઇલ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- (૫) એલ.ઇ.ડી. ટીવી કિમત રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.સોલંકી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૪૭/૧૪**

**વટવા :** ગુરમીતસિંગ બલદેવસિંગ સીંગ (રહે.ગામ: ગુડવા, તા.ખરડ, જી.મોહાલી, પંજાબ) એ તા.૭/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૧/૧૪ નાં કલાક ૧/૦૦ થી સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ અસલાલી હાઇ-વે રોડ ઉપર આવેલ શ્રીનાથ ટ્રાન્સપોર્ટનગર આગળ પોતાની ટ્રક નંબર એચ.આર.૩૭.બી.૦૧૫૭ પાર્ક કરી હતી. જે ટ્રકની તાડપત્રી તોડી અજાણી વ્યક્તિ ટ્રકમાંથી વિપ્રો સાબુનાં બોક્ષ નંગ-૧૨, ટયુબ લાઇટ બોક્ષ નંગ-૧ મળી કુલ કિંમત રૂપિયા ૭૫,૩૨૪/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**ગાયકવાડ હવેલી :** દરીયાબહેન મદનભાઇ બુરાસીયા (ઉ.વ.૩૯)(રહે.ભગવાનનગરનો ટેકરો, જૈન ઉપાશ્રયની બાજુમાં, મારવાડીની ચાલી) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૪ બપોરનાં ૪/૪૫ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન દરીયાબહેન કાલુપુરથી ઓટોરીક્ષામાં બેસી પાલડી જવા સારૂ નિકળ્યા હતા. જે મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં સાથે બેસેલ બે અજાણ્યા પુરૂષ દરીયાબહેનની નજર ચુકવી તેમની બેગમાં મુકેલ સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૬૫૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**સોનાનો દોરો તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૭૪૮/૧૪**

**વેજલપુર :** પ્રભાવતીબહેન નાથાલાલ આહિર (રહે.એનલહક સોસાયટી, ગાંધી હોલની સામે, જુહાપુર, સરખેજ) તા.૭/૧૧/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે સ્નેહ ઓર્થો હોસ્પીટલ પાસે, પ્રભુવન એપાર્ટમેન્ટ સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૩૦ વર્ષના આશરાનો) પ્રભાવતીબહેનનાં ગળામાંથી સોનાનો દોરો પેંડલ સાથેનો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પ્રભાવતીબહેન આહીરે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.રામાવત ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૭૪૯/૧૪**

**નવરંગપુરા :** અજીતભાઇ રમેશચંદ્ર નાયર (રહે.સુતીર્થ ફ્લેટ, પ્રેરણા ફલેટની બાજુમાં, વસ્ત્રાપુર તળાવ પાસે) એ તા.૭/૧૧/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૧૪ થી તા.૭/૧૧/૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં રીકવરી એક્ઝ્યુકેટીવ તરીકે ફરજ બજાવતાં આરોપી ધર્મેશ રમણલાલ વણીકર (રહે.સહયોગ સોસાયટી, આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા)એ બેંકની ડુપ્લીકેટ રીકવરી બુક છપાવી અલગ-અલગ ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૭૮,૨૦૦/- ઉઘરાવી, બેંકમાં નાણાં જમા નહીં કરાવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પાંડોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૫૦/૧૪**

**વટવા :** છનાભાઇ ઉકાભાઇ ગુજ્જર (શાંતીનગર, બસ સ્ટેન્ડની સામે, સૈજપુર) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે વટવા, દેવરાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સામેથી પોતાની ઓટોરીક્ષામાં પોતાની પત્ની મંજુલાબહેન (ઉ.વ.૫૦) ને બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા ટ્રેકટર ટ્રોલી સાથે (જેનો નંબર જાણવા મળેલ નથી)ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ટ્રેક્ટર ચલાવી લાવી છનાભાઇની રીક્ષાને ટક્કર મારતાં રીક્ષામાં બેસેલ મંજુલાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થઇ હતી. જેઓને સારવાર માટે વી.એસ.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** પાલાઈ માયાકૃષ્નન સ્વામીકન્ના આદીદ્રવીડ (રહે.ઇન્દીરાનગરનાં છાપરાં, નવી ચાલી, રાણીપ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૪ રાતનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે માયાકૃષ્નન આદીદ્રવીડ (ઉ.વ.૩૮) નાઓ મોટર સાયકલ ઉપર મિત્ર મહેશને પાછળ બેસાડી એસ જી હાઇવે, દેવનગર પાટીયા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન આઇસર મીની બસ નંબર જીજે-૧૮-એવી-૯૨૪૮ ના ચાલકે પોતાની બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતાં પાછળ બેસેલ મહેશભાઇને હાથમાં તેમજ માથાનાં ભાગે ઇજા થઇ હતી તેમજ માયાકૃષ્નનને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૫૧/૧૪**

**ઘાટલોડીયા :** ભાણજીભાઇ પ્રેમજીભાઇ ચમાર (ઉ.વ ૪૦)(રહે આંબેડકરનગર રામાપીરનો ટેકરો નારણપુરા) તા.૭/૧૧/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા મધુવૃંદ સોસાયટીનાં મકાન નંબર ૨૫ માં એ.સી.નું કામ કરવા સારૂ પહેલાં માળે ચઢેલ, જ્યાંથી નીચે પડી જતા માથાના ભાગે તેમજ શરીરે ઇજા થતા ૧૦૮ બોલાવેલ, જે ૧૦૮ના ડો.શ્રીએ ભાણજીભાઇને મૃત જાહેર કરેલ હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૫૨/૧૪**

**એલીસબ્રીજ :** તા.૦૭/૧૧/૨૦૧૪ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે એક અજાણ્યો પુરૂષ (ઉ.વ.૨૫ થી ૩૦ નાં આશરાનો)એ કોઇ કારણોસર એલીસબ્રીજ નીચે, નદીમાં પડી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમુજી હેમતાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.